પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૬ | ૬ જાન્યુઆરી, ૨૦૨૧, બુધવાર; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશભરમાં ૧ ૩મીથી વેક્સિનેશન આરંભાશે

## કંપનીઓનું ફોકસ વેક્સિન બનાવી સપ્લાય કરવા પર

**સીરમ-ભારત બાયોટેક તરફથી સંયુક્ત નિવેદન : કોરોના વેક્સિન બનાવતી બે કંપનીઓ વચ્ચે છેલ્લા ઘણા દિવસથી વિવાદ ચાલતો હતો જેના પર પરદો પાડી દેવાયો**

મુંબઈ, તા. ૪

ભારતમાં કોરોના વેક્સિન બનાવનારી સીરમ ઈન્સ્ટિટ્યુટ




ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેક તરફથી મંગળવારના સંયુક્ત નિવેદન જાહેર કર્યું છે. બંને ઈન્સ્ટિટ્યુટે સમગ્ર દેશમાં યોગ્ય રીતે કોરોના વેક્સિન પહોંચાડવાના પ્રયત્નોની વાત કરી છે. આ સંયુક્ત નિવેદન ત્યારે સામે આવ્યું છે જ્યારે બંને કંપનીઓના અધિકારી છેલ્લા કેટલાક દિવસથી શાબ્દિક જંગમાં લાગ્યા હતા અને જેના પર દેશમાં ઘણો વિવાદ થઈ રહ્યો હતો.

મંગળવારના બંને કંપનીઓએ સંયુક્ત નિવેદન જાહેર કર્યું, અદાર પૂનાવાલા અને કૃષ્ણા ઈલ્લાએ દેશમાં કોરોના વેક્સિન બનાવવા, સપ્લાય કરવા અને દુનિયા સુધી પહોંચાડવાને લઈને ચર્ચા કરી. બંને સંસ્થાઓનું માનવું છે કે અત્યારે ભારત અને દુનિયાના લોકોના જીવ બચાવવા મોટું લક્ષ્ય છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, હવે જ્યારે ભારતમાં બે કોરોના વેક્સિનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી મળી ગઈ છે, ત્યારે અમારું ફોકસ વેક્સિન બનાવવા, તેના સપ્લાય અને વહેંચણી પર છે. અમારી સંસ્થાઓ દેશહિતમાં કામને પહેલાની માફક કરતી રહેશે અને આગળ વધશે.

નિવેદનના અંતમાં કહેવામાં આવ્યું છે કે બંને કંપનીઓ દેશ અને દુનિયાને સાથે વેક્સિન પહોંચાડવાનું પ્રણ લે છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી સીરમ ઈન્સ્ટીટ્યૂટના અદાર પૂનાવાલા અને ભારત બાયોટેકના કૃષ્ણા ઈલ્લાની વચ્ચે શાબ્દિક વિવાદ ચાલ્યો હતો. મંગળવાર બપોરના જ અદાર પૂનાવાલાએ જાણકારી આપી હતી કે જલદી સમગ્ર વિવાદને લઈને એક નિવેદન જાહેર કરવામાં આવશે.

**કોરોના વાયરસના રસીકરણને લઈને સ્વાસ્થ્ય મંત્રાલયની જાહેરાત કોરોનાની વેક્સિનને મંજૂરી મળ્યાના ૧૦ જ દિવસ બાદ તેને રોલઆઉટ કરી શકાય છેઃ દેશમાં બે વેક્સિનને ૩જી જાન્યુઆરીએ મંજૂરી અપાઈ છે**




નવી દિલ્હી, તા. ૫

સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોના વાયરસની રસીને લઈને મહત્વપૂર્ણ ઈશારો કર્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું છે કે, કોરોનાની વેક્સિનને મંજુરી મળ્યાના ૧૦ જ દિવસ બાદ તેને રોલઆઉટ કરી શકાય છે. જાહેર છે કે, ડીસીજીઆઈએ કોરોનાની વેક્સિનને ૩ જાન્યુઆરીએ રવિવારે મંજુરી આપી હતી. આ હિસાબે ૧૩ કે ૧૪ જાન્યુઆરીએ દેશમાં કોરોનાની રસીનો વેક્સીનેશન કાર્યક્રમ શરૂ થઈ શકે છે.

આજે સ્વાસ્થ્ય સચિવે આ બાબતની જાણકારી આપી હતી. સ્વસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે કહ્યું હતું કે, સરકાર ૧૦ દિવસની અંદર કોરોનાની વેક્સિનને રોલઆઉટ કરવા તૈયાર છે. રાજેશ ભૂષણે કહ્યું હતું કે, હવે કોરોનાની રસીને મંજુરી મળી ચુકી છે, હવે ૧૦ દિવસની અંદર વેક્સિન આપવાનો કાર્યક્રમ શરૂ થઈ જશે.

દેશમાં કોરોનાની બે રસીઓને ઈમરજન્સી મંજૂરી માન્યત આપાઈ છે. જેને લઈને હવે કોરોના વેક્સિન રન ચાલુ થઈ છે. દેશમાં કોવિશિલ્ડ અને કોવાક્સિન રસીઓ આપવામાં આવી શકે છે. કોવિશિલ્ડ અને કોવાક્સીનને ૨થી ૮ ડિગ્રી તાપમાન પર રાખવાની જરૂરિયાત છે. આ મામલે સ્વાસ્થ્ય મંત્રાલયના લવ અગ્રવાલે એમ પણ કહ્યું હતું કે, કોરોના વેક્સિન લીધા પછી તેનું સર્ટિફિકેટ ડીજી લોકરમાં પણ રાખી શકાશે. કેડિલાની વેક્સિન ડીએનએ આધારિત વેક્સિન છે.

પરિક્ષણ દરમિયાન તેનાથી પણ સારી રીતે એન્ટિબોડી બની છે. ૧૫થી ૨૦ દિવસની અંદર ભારતમાં રસીકરણ ચાલુ થઈ જશે. હાલમાં ગુજરાત સહિત ઘણાં રાજ્યોમાં કોરોના વેક્સિનના ડ્રાય રન ચાલી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## રસીકરણ બાદ કોરોના થશે તો માત્ર હળવા લક્ષણો દેખાશે : ડો. ગુલેરિયા

**હાલની જનરેશનની રસીઓ હોવાથી રસીની અસરકારકતા ને રોગપ્રતિકારક શક્તિ બંને ભવિષ્યમાં સુધરે તેવી શક્યતા**

નવી દિલ્હી,તા.૫

ફરીથી કોવિડ-૧૯ થવાની શક્યતા ઓછી હોવા છતાં, જો રસીની ત્રુટિથી ઈમ્યુનિટી બાદ તાજો ચેપ લાગ્યો હોય તો, કોવિડ-૧૯ સામેના રસીકરણથી લોકોને ગંભીર લક્ષણોથી બચાવવાની શક્યતા છે, તેમ એમ્સના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું. ડો. ગુલેરિયાએ કહ્યું હતું કે, રસીકરણ કરાયેલા



લોકોમાં રોગપ્રતિકારક ક્ષમતા કેટલી લાંબી ચાલે છે, તેનું મૂલ્યાંકન કરવા માટે લાંબા ગાળાના અભ્યાસની જરૂર પડશે. પરંતુ, ફરીથી સંક્રમણ લાગવાના કેસમાં તે હળવા હોવાની શક્યતા વધારે છે. ડોક્ટરોના કહેવા પ્રમાણે, હાલની રસીથી રોગપ્રતિકારક ક્ષમતા ૯થી ૧૨ મહિના સુધી ટકી શકે છે. જો કે, આ હાલની જનરેશનની રસીઓ હોવાથી, કોવિડ રસીઓની અસરકારકતા અને રોગપ્રતિકારક શક્તિ બંને ભવિષ્યમાં સુધરે તેવી શક્યતા છે. જો કોઈ કોવિડ-૧૯થી રિકવર થયું છે, તો તે પણ રસીકરણનો લાભ ઉઠાવી શકે છે. હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓમાં પુરાવા છે કે, તેમનામાં સંક્રમણ એટલું વધારે હતું કે રોગપ્રતિકારક પ્રતિક્રિયા ખતમ થઈ ગઈ હતી અને તેથી વાયરસ પ્રત્યેની રોગપ્રતિકારક મેમરી અસરકારક રીતે બની નહીં. ઉપરાંત, જો તમને ખૂબ હળવો ચેપ લાગ્યો હતો, તો તમારી રોગપ્રતિકારક શક્તિ લાંબા સમય સુધી સુરક્ષા આપવા માટે જરૂરી સ્તર પર ન પહોંચી શકે. તેથી રસી ગંભીર અથવા હળવી બીમારીને ધ્યાનમાં લીધા વગર મદદ કરી શકે છે, તેમ સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું. ડ્રગ રેગ્યુલેટરે રવિવારે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદિત ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોવિડશિલ્ડ અને SARS-CoV2 ઈન્ફેક્શન સામેની ભારત બાયોટિકની કોવેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપવાની જાહેરાત કરી હતી.

## મમતાદીદીને વધુ એક ફટકો : વધુ એક નેતાનું હોદ્દા પરથી રાજીનામું

**પૂર્વ ભારતીય ક્રિકેટર લક્ષ્મી રતન શુક્લા પાર્ટીમાં રહેશે જ, જિલ્લાધ્યક્ષ અને મંત્રી પદેથી રાજીનામું ધરી દીધું**

કોલકાતા, તા. ૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને તેમના જન્મ દિવસે જ એક જોરદાર



ફટકો પડ્યો છે. અધિકારી બંધુઓ બાદ ટીએમસીના વધુ એક દિગ્ગજ નેતાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જો કે તેઓ પાર્ટીમાં યથાવત રહેશે.

મમતા સરકારમાં મંત્રી રહી ચુકેલા અને પૂર્વ ક્રિકેટર એવા લક્ષ્મી રતન શુકલાએ પાર્ટીની જિલ્લાધ્યક્ષ પદ અને મંત્રી પદેથી રાજીનામું આપી દેતા ટીએમસીને વધુ એક ફટકો પડ્યો છે. શુક્લાએ પાર્ટીના તમામ પદો પરથી રાજીનામું આપી દીધું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજીનામું આપવા માટે લક્ષ્મી રતન શુક્લાએ મુખ્યમંત્રી મમતા બેનરજી અને રાજ્યપાલ જગદીપ ધનખડને પત્ર મોકલી આપ્યો છે. લક્ષ્મી રતન શુક્લા ક્રિકેટર પણ રહી ચુક્યા છે. હાલ તેઓ હાવડામાં ટીએમસીના જીલ્લાધ્યક્ષ પણ હતા. પરંતુ આજે તેમણે આ પદ પરથી રાજીનામું આપી દીધું છે. મમતા સરકારના અનેક મંત્રીઓએ છેલ્લા થોડા જ સમયમાં પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપ્યા બાદ મમતા બેનરજીની સરકારના શક્તિશાળી સુભેંદુ અધિકારી અને તેમના ભાઈ અનેક ધારાસભ્યો અને સંખ્યાબંધ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં શામેલ થઈ ગયા છે. ટીએમસીમાંથી રાજીનામાનો આ દોર આવનાર સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા જ શરૂ થયો છે.

# સમગ્ર ઈંગ્લેન્ડમાં લોકડાઉન લદાયું

**કોરોનાનો નવો સ્ટ્રેન મળ્યા બાદ ઝડપથી વધેલા સંક્રમણને લીધે નિર્ણય : કોરોના વિરુદ્ધ જંગમાં ઓછામાં ઓછા ફેબ્રુઆરીના મધ્ય સુધી નવો સ્ટે એટ હોમ લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે : પ્રધાનમંત્રી બોરિસ જ્હોનસ**

લંડન,તા.૫

કોરોનાનો નવો સ્ટ્રેન મળ્યા બાદ ઝડપથી વધેલા સંક્રમણને ધ્યાનમાં રાખીને બ્રિટને આખા ઈંગ્લેન્ડમાં લોકડાઉન લગાવી દીધુ તમામ શાળાઓ પણ બંધ રાખવામાં આવશે. પ્રધાનમંત્રી બોરિસ જ્હોનસને કહ્યું કે લોકોએ એકવાર ફરીથી ઘર પર રહેવું પડશે. ગત વર્ષ માર્ચમાં શાળા, કોલેજો અને યુનિવર્સિટી બંધ રહેશે અને તે તમામ ઓનલાઈન જ ચાલશે. ફક્ત જરૂરી વસ્તુઓ માટે જ લોકો ઘરોની બહાર નીકળી શકશે. જ્હોનસને કહ્યું કે જે પ્રકારે



છે. પ્રધાનમંત્રી બોરિસ જ્હોનસને લોકડાઉનની જાહેરાત કરતા કહ્યું કે અમે કોરોના વિરુદ્ધ જંગમાં ઓચામાં ઓછું ફેબ્રુઆરીના મધ્ય સુધી નવા સ્ટે-એટ-હોમ લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે. જેથી કરીને કોરોના વાયરસના નવા સ્ટ્રેનને વધુ ફેલાતો અટકાવી શકાય. સોમવારે પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે લોકડાઉન હેઠળ મહામારીની પહેલી લહેર સમયે લોકડાઉન સંબંધીત જે પણ આદેશ અપાયા હતા. તેવું એકવાર ફરીથી થઈ રહ્યું છે. કારણ કે હાલ કોરોનાનો નવો સ્ટ્રેન ખુબ ખતરનાક રીતે ફેલાઈ રહ્યો છે. આપણી હોસ્પિટલ કોરોનાના નવા વાયરસના કારણે ખુબ દબાણમાં છે અને મહામારી બાદ આવું પહેલીવાર છે. તેમણે જણાવ્યું કે નવા સંક્રમણના કેસ વધી રહ્યા છે, તેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે આપણે વધુ મહેનત કરવાની જરૂર છે. ઈંગ્લેન્ડમાં આપણને એક રાષ્ટ્રીય લોકડાઉનની જરૂર છે. કારણ કે કોરોનાના નવા સ્ટ્રેન વિરુદ્ધ આ કઠોર પગલું પૂરતું છે. તેનો અર્થ એ થયો કે સરકાર એકવાર ફરીથી તમને ઘરમાં રહેવાના નિર્દેશ આપી રહી છે.

## ૨૬ જાન્યુઆરીના સમારોહમાં બ્રિટિશ વડાપ્રધાન નહીં આવે

**બ્રિટિશ વડાપ્રધાન જોનસને વડાપ્રધાન મોદીની સાથે ફોન પર વાત કરી ભારત પ્રવાસે આવવામાં અસમર્થતા દર્શાવી**



લંડન, તા. ૫

કોરોના કાળમાં આ વખતનો ગણતંત્ર દિવસ ઘણો જ અલગ હશે. આ વખતે બ્રિટિશ પીએમ બૉરિસ જૉનસન ભારત પ્રવાસે આવવાના હતા અને પ્રજાસત્તાક દિવસ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ભાગ લેવાના હતા. બ્રિટિશ પીએમ બૉરિસ જૉનસને આજ સવારે પીએમ મોદી સાથે ફોન પર વાત કરીને ભારત પ્રવાસે આવવામાં અસમર્થતા વ્યક્ત કરી છે. બોરિસ જોનસને પીએમ મોદીને કહ્યું કે, ગત રાત્રે કોરોના વાયરસના નવા સ્ટ્રેનના કારણે લોકડાઉન લગાવવું પડ્યું છે, આ કારણે તેમનું આવા સમયે દેશમાં રહેવું જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે ભારતે પ્રજાસત્તાક દિવસ માટે બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જૉનસનને સમારંભના મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપ્યું હતુ, જેને જોનસને ડિસેમ્બરમાં સ્વીકાર્યું હતુ. તેમની ઑફિસ દ્વારા આ જાણકારી આપવામાં આવી છે.

## રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને સુપ્રિમની ‘લીલીઝંડી’

**સુપ્રીમ કોર્ટે ૨-૧ના બહુમતથી સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને મંજૂરી આપી : નિર્માણ કાર્ય શરૂ કરવા માટે હેરિટેજ સંરક્ષણ સમિતિની મંજૂરી જરૂરી, બેન્ચે સાથો સાથ સરકારને પ્રદૂષણને નાથવા માટે સ્મોગ ટાવર લગાવાનું પણ કહ્યું**





ન્યુ દિલ્હી,તા.૫

સુપ્રીમ કોર્ટને કેન્દ્રની મોદી સરકારને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દીધી છે. આપને જણાવી દઈએ કે પાછલી સુનવણીમાં સુપ્રીમ કોર્ટે સંસદ ભવનના શિલાન્યાસને મંજૂરી આપી દીધી હતી. જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ દિનેશ માહેશ્વરી અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેન્ચે ૨-૧ની બહુમતીથી આ ચુકાદો સંભળાવતા કહ્યું કે તેમની બેન્ચ સરકારને આ યોજના માટે મંજૂરી આપી રહ્યું છે.

જસ્ટિસ ખાનવિલકર અને જસ્ટિસ માહેશ્વરીએ ૨-૧ની બહુમતી આપતા ચુકાદામાં કેન્દ્ર સરકારના ડીડીએ એકટના અંતર્ગત આ પ્રોજેક્ટને યોગ્ય ગણાવ્યો. તો જસ્ટિસ સંજીવ ખન્ના બહુમતીથી અલગ રહ્યા. બેન્ચે સાથો સાથ સરકારને પ્રદૂષણને નાથવા માટે સ્મોગ ટાવર લગાવાનું પણ કહ્યું છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે હાલનું સંસદ ભવન ગંભીર આગની આશંકા અને ઓછી જગ્યાનો સામનો કરી રહ્યું હતું. આ પ્રોજેક્ટ હેઠળ હેરિટેજ બિલ્ડિંગને સંરક્ષિત

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સ ૨૬૧ અંકના વધારા સાથે ૪૮,૪૩૭ના રેકોર્ડ સ્તરે

મુંબઈ,તા.૫

અમેરિકાના બજારોની સાથે-સાથે એશિયાના અન્ય બજારોમાં ઘટાડાના કારણે ભારતીય શેર બજારમાં મંગળવારે શરૂઆત ઘટાડા સાથે થઈ હતી. જોકે, બાદમાં તેણે ફરી નવો ઓલ-ટાઈમ હાઈ બનાવ્યો હતો. પરંતુ, દિવસ દરમિયાન સારા ક્વાર્ટર રિઝલ્ટ્સની આશાથી અને કોરોના વેક્સીનને લઈને પોઝિટિવ અહેવાલોથી રોકાણકારોમાં ઉત્સાહ દેખાયો અને અંતમાં તે ગ્રીન સિગ્નલ પર બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૫ ટકાની તેજીની સાથે ૨૬૦.૯૮ પોઈન્ટ્સ ઉપર ૪૮૪૩૭.૭૮ના સ્તર પર બંધ થયું, જે તેનો ઉચ્ચતમ સ્તર છે તો, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૬.૬૦ પોઈન્ટ્સ (૦.૪૭ ટકા)ના વધારા સાથે ૧૪૧૯૯.૯૦ના સ્તર પર બંધ થયો. છેલ્લા બે દિવસમાં શેર બજારમાં જે પ્રકારની તેજી જોવા

● અનુસંધાન પાન-૭ પર

